સિંચાઇ જળાશયોમાં જમા થયેલ કાંપ / ગાળ નો જથ્થો જરૂરતમંદોને આપવા બાબત.

**ગુજરાત સરકાર**
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
પરિપત્ર ક્રમાંક:ધરસ/૨૦૦૦/એમપી/૬૯-૫૭-૯૨/પી
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૧૯/૦૩/૨૦૧૧**

**વંચાણે લીધાઃ-**

(૧) નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ ધરસ/૨૦૦૦/એમપી/૬૯-૫૭-૯૨/પી તા.૧૮/૦૭/૨૦૦૧

(૨) નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ ધરસ/૨૦૦૦/એમપી/૬૯-૫૭-૯૨/પી તા.૧૯/૦૨/૨૦૧૦

સિંચાઇ જળાશયોમાં જમા થયેલ કાંપ / ગાળ નો જથ્થો બંધ અને સંબંધિત બાંધકામોની સુરક્ષા સંપુર્ણ જળવાઇ રહે તે શરતે આપવા માટે વિભાગે ઉપર જણાવેલ પરિપત્રોથી સુચનાઓ અપેલ છે. પરંતુ તાજેતરમાં ખાણ અને ખનીજ વિભાગ દ્વારા ધ્યાન દોરવામાં આવેલ છે કે, બંધ અને અન્ય અગત્યના બાંધકામોના નક્કી થયેલ સુરક્ષા વિસ્તારમાં પણ રેતી અને ખનીજનું મોટા પાયે ખનન થાય છે. આ ઘણી ગંભીર બાબત છે અને તે તાત્કાલિક અટકાવવી જોઇએ. આથી ખાણ અને ખનિજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ બનાવવામાં આવેલ ટાસ્ક-ફોર્સના ધ્યાને લાવીને કાર્યવાહી હાથ ધરવા સર્વેને જણાવવામાં આવે છે.

(વી.એન.પટેલ)
ઉપસચિવ(જળસંપત્તિ)
નર્મદા,જ.સં.પા.પુ.અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- અગ્રસચિવશ્રી (ઉદ્યોગ અને ખાણ વિભાગ), બ્લોક નં-૫, સચિવાલય., ગાંધીનગર.
- નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે સચિવશ્રીઓ
- કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ, બ્લોક નં ૧/૨, ૭મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
- નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રીઓ
- નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે ખાસ ફરજ પરના અધિકારીશ્રીઓ
- નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે તાંત્રિક ઉપસચિવશ્રીઓ
- નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ *(તેમના નિયંત્રણ હેઠળના સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ/નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીઓને લેખિત સુચના પાઠવી, આ પરિપત્રમાં દર્શાવેલ સુચનાઓનો ક્ષેત્રિય કક્ષાએ ચુસ્તપણે અમલ કરવા સારૂ)*
- મુખ્ય માહિતી અધિકારીશ્રી, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. *(આ વિભાગની વેબ-સાઇટમાં આ પરિપત્ર મુકવાની કાર્યવાહી કરવા સારૂ)*
- સિલેક્ટ ફાઇલ.